## સ્પે.રે.દિ.મુ.નં.૭/૨૦૧૮ ના કામે આંક–૦૫ અરજી લગત હુકમ

(૧) વાદીઓએ હાલની અરજી દિવાની કાર્યવાહી ધારાના ઓર્ડર–૩૯ રુલ–૧, ૨ તથા કલમ–૧૫૧ અન્વયે રજુ કરી દાવો ચાલતા દરમ્યાન દાવા અરજી તથા સ્થાવર મિલકતના શેડયુલમાં જણાવેલ ખેતીની જમીનો, મકાનો વિગેરે પ્રતિવાદીનં.(૧), (૨) અન્ય કોઈને વેચાણથી કે અન્ય કોઈપણ પ્રકારના લખાણથી તબદીલ કરે કરાવે નહિં કે અન્ય કોઈ ત્રાહિતનુ હિત કે કોઈપણ પ્રકારનો બોજો ઉત્પન્ન કરે કરાવે નહિં તેવો વચગાળાનો મનાઈ હુકમ ફરમાવવા અરજ કરેલ છે.

(૨) વાદીઓની દાવા અરજી તથા હાલની અરજીની ટુંકમાં વિગત એવી છે કે, માણાવદર તાલુકાના ભાલચેડા ગામના ખાતેદાર ખેડૂત આણંદભાઈ જેઠુરભાઈ ધ્રાંગા પાસે ખેડવાણ જમીનો, મકાનો વિગેરે સ્થાવર, જંગમ મિલકતો આવેલી હતી. આણંદભાઈ સને ૧૯૫૫માં અવસાન પામેલ. ત્યારબાદ તેમનો એકમાત્ર પુત્ર ભોજાભાઈના નામે ખેતીની બધી જમીનો થયેલી. ભોજાભાઈ તથા તેમની પત્ની સોનલબેનને પાંચ સંતાનો થયેલ (૧) રતનબેન, (૨) જશુબેન ઉર્ફે કડવીબેન, (૩) જીવુબેન, (૪) રામીબેન, (૫) સીદાભાઈ ઉર્ફે સીદીભાઈ ભોજાભાઈ અને તેમનો પરીવાર હિન્દુ સંયુકત અવિભકત કુટુંબમાં સાથે રહેતા હતા. ભોજાભાઈએ પોતાની બધી દિકરીઓને પરણાવી સાસરે મોકલેલી અને ભોજાભાઈ તથા તેમનો દિકરો સીદાભાઈ વચ્ચે મિલકતો, ખેતીની જમીનો, મકાનો વિગેરેના પણ ભાગ પડેલા નહિં. ભોજાભાઈ અને તેમના પત્ની સોનલબેનના મૃત્યુ પછી પણ ખેતીની બધી જમીનો, મકાનો, જમીનના પ્લોટ વિગેરે સ્થાવર મિલકતો તથા દાગીના, ખેતીના સાધનો વિગેરે સ્થાવર જંગમ મિલકતો હિન્દુ અવિભકત કુટુંબની મજીયારી સહમાલિકીની હતી જેનો વહીવટ વ્યવસ્થા સીદાભાઈ ભોજાભાઈના હાથમાં આવેલો. સીદાભાઈ હિન્દુ અવિભકત કુટુંબની ખેતીની ઉપજ નિપજમાંથી બધી બહેનો તેમના સંતાનો વિગેરેને ખુબ જ સારી રીતે રાખતા હતા. સીદાભાઈ ભોજાભાઈના લગ્ન જીલુબેન સાથે થયેલા. સદરહુ લગ્નજીવનથી તેઓને સંતતીમાં સંતાન થયેલ ન હતુ. જેથી જીલુબેનના નાના બહેન લાડુબેન પણ બંને પતિ–પત્ની સાથે સંયુકત કુટુંબમાં મદદ માટે સાથે રહેતા હતા. આમ સીદાભાઈ, જીલુબેન અને લાડુબેન એક સાથે એકજ મકાનમાં રહેતા

હતા.

**(૨.૧)** વાદીઓએ વધુમાં કથન કરેલ છે કે, સીદાભાઈ તથા તેમની પત્ની જીલુબેનના અવસાન થતા તેઓની ભાભીના સગા બહેન લાડુબેન પણ સીદાભાઈના કુટુંબના સભ્યની જેમ રહેતા હોય બધી મિલકતોનો કબજો, ભોગવટો, વહીવટ, વ્યવસ્થા લાડુબેનના હાથમાં આવેલ. વાદીઓ તથા પ્રતિવાદીઓ વચ્ચે મિલકતોના ભાગ પાડી નાખવા અને બધાને પોતપોતાનો હિસ્સો આપી દેવા વાટાઘાટો થયેલી, પરંતુ પતિવાદી નં.(૧)નો વ્યવહાર, વાણી અને વર્તન ઈરાદો અલગ જણાતા વાદી તરફથી દાવાવાળી મિલકતોની ખેતીની જમીનો વિગેરેનુ રેવન્યુ રેકર્ડ મેળવવા તજવીજ કરવામાં આવેલી અને રેકર્ડ મળતા જાણ થયેલ છે કે, રેવન્યુ રેકર્ડમાં બધી બહેનોના નામ તેઓને કોઈપણ જાતનો ભાગ હિસ્સો આપ્યા વગર કમી કરાવી નાખવામાં આવેલ છે. વાદીઓએ તેઓનો હકક હિસ્સો જતો કરેલ નથી. રીલીઝ કરેલ નથી. ભાઈ બહેન વચ્ચે મિલકતોની વહેચણ, પાર્ટીશન થયેલ નથી. રેવન્યુ રેકોર્ડમાં પણ તેઓનો હકક જતો કરવા કોઈ સહીઓ–અંગુઠા કરેલ નથી.

**(૨.૨)** વાદીઓએ વધુમાં કથન કરેલ છે કે, મોજે માણાવદર તાલુકાના ભાલચેડા ગામની સીમમાં સર્વે નં.૨૫(નવો સર્વે નં.૬૪), ૪૯(નવો સર્વે નં.૨૨૪), ૫૯(નવો સર્વે નં.૧૯૬), ૨૩/૧ તથા ૨૩/૨(નવો સર્વે નં.૮૬ તથા ૭૦) વાળી કુલ આશરે ૭૨ વીઘા જમીનો વડીલોપાર્જીત છે. ભાલચેડા ગામમાં મોટા મકાનો તથા બાજુના મકાન તથા જંગમ મિલકતો તેમજ સોનારુપાના દાગીના મોટા જથ્થામાં આવેલ હતા. જીલુબેન અને તેઓના ભાઈ સીદાભાઈના કયારેય છુટાછેડા થયેલ નથી. હિન્દુ સંસ્કૃતિ અને કાયદા મુજબ એક સાથે બે પત્ની હોય શકે નહિં. જીલુબેન તથા લાડુબેન બંનેએ સીદાભાઈના અવસાન બાદ તદ્દન ખોટી હકીકતો જણાવી પોતે બંને માત્ર વારસદારો હોવાનુ અને ગુજરનાર સીદાભાઈના બંને પત્નીઓ હોવાની ખોટી હકીકતો જણાવી ખોટી એન્ટ્રીઓ કરાવેલ છે. જીલુબેને કોઈ વસિયત કરેલ નથી. પ્રતિવાદી નં.(૧) તથા (૨)નો બધાના ભાગ હિસ્સા અલગ કરી આપવા ઘરમેળેની સમજુતીથી ભાગ પાડી દેવા જણાવવા છતાં કોઈને મિલકત આપવાનુ થતુ

નથી તેમ જણાવતા તથા દરેક વાદીનો ૧/૪ ભાગ થતો હોય વાદીઓને હાલનો દાવો દાખલ કરવાનુ કારણ ઉપસ્થિત થતા વાદીઓએ હાલનો દાવો દાખલ કરી દાવા અરજીના પેરા–૨૦માં માંગ્યા મુજબની દાદો પ્રતિવાદીઓ વિરુધ્ધ ફરમાવવા અરજ કરી વાદીઓએ હાલની વચગાળાની મનાઈ હુકમની અરજી દાખલ કરી વધુમાં જણાવેલ છે કે, દાવાવાળી મિલકતો અન્ય કોઈને વેચાણથી કે અન્ય કોઈ પ્રકારના લખાણથી તબદીલ કરવામાં આવે તો એકથી વિશેષ દાવા–દુવી કરવા પડે, મલ્ટી પ્લીસીટી ઓફ સુટ થાય અને અન્ય વ્યકિતઓ સાથે લડવાનો પ્રસંગ ઉભો થાય તેવા સંજોગો નિર્માણ પામે તેમ છે. જેથી દાવાનો નિર્ણય થતા સુધી દાવાવાળી મિલકતોની યથાવત સ્થિતિ જળવાઈ રહે તેવો વચગાળાનો મનાઈ હુકમ ન્યાયના હિતમાં જરુરી છે. તેમજ વચગાળાના મનાઈ હુકમથી પ્રતિવાદી નં.(૧), (૨)ને કશુ નુકશાન કે અગવડતા નથી. તેમજ સમતુલાની દ્રષ્ટીએ પણ વાદીઓનો કેસ છે. વચગાળાનો મનાઈ હુકમ ન આપવાથી વાદીઓને પારાવાર હાલાકી અને અગવડતા ઉભી થાય તેમ છે. જે સામે પ્રતિવાદી નં.(૧), (૨)નાને દાવાવાળી મિલકતની યથાવત સ્થિતિ જાળવી રાખવાથી કોઈ નુકશાની અગવડતા કે કાનુની ઈન્જરી નથી. વાદીઓનો પ્રથમદર્શનીય કેસ છે. બેલેન્સ ઓફ કન્વીનીયન્સ અને નાણાંમાં ન પુરી શકાય તેવુ નુકશાનના પાસા વાદીઓની તરફેણમાં છે. જેથી હાલની અરજીમાં માંગ્યા મુજબનો મનાઈ હુકમ પ્રતિવાદી નં.(૧), (૨) વિરુધ્ધ ફરમાવવા અરજ કરેલ છે.

(૩) પ્રતિવાદી નં.(૧), (૨) તરફે વાદીઓની દાવા અરજી તથા હાલની અરજી સામે આંક–૧૭ થી લેખિત જવાબ રજુ કરી દાવા અરજી તથા મનાઈ અરજીની વિગતોનો મહંદઅંશે ઈન્કાર કરી વધુમાં જણાવે છે કે, ભોજા આણંદના વારસોમાં દીકરી રતનબેન, દિકરી જસુમતી ઉર્ફે કડવીબેન, દિકરી જીવુબેન, દિકરી રામીબેન તેમજ પુત્ર સીદાભાઈ ઉર્ફે સીદીભાઈ થયેલ હોવાનુ ખરુ છે. વાદીઓ કલીનહેન્ડથી આવેલ નથી. નોંધ નં.૧૯૦ તા.૧૭/૫/૭૭નાંરોજ પ્રમાણિત થયેલ છે. તે વખતે પાંચ વારસદારો હતા. (૧) સીદી ભોજા, (૨) રતનબેન, (૩) કડવીબેન, (૪) જીવુબેન, (૫) રામીબેનનાઓના નામ રેકર્ડ ઉપર હતા. તા.૧૪/૧૦/૭૭નાંરોજ નોંધ નં. ૨૧૮ જોવામાં આવે તો ઉપરોકત ખાતામાંથી રતનબેન, કડવીબેન, જીવુબેન, રામીબેન તેમનો હકક

હિત હિસ્સો ઉઠાવી લીધેલ છે. માત્ર સીદા ભોજાનુ જ નામ ચાલુ રહેલ છે. તે બાદ સીદીભાઈ ભોજાભાઈના અવસાન બાદ જીવુબેન સીદીબેન તથા લાડુબેન સીદીભાઈના નામ દાખલ થયેલ છે. જે એન્ટ્રી તા.૨/૬/૧૪નારોજની છે. આમ તા.૧૪/૧૦/૭૭થી એટલે ૪૧ વર્ષ પહેલા હકક હિસ્સો સ્વેચ્છાએ જતો કરનાર વાદીઓ હવે પોતાનો હિસ્સો હોવાનુ ખોટુ સબમીશન કરી આવેલ છે. તેમનો હિસ્સો વર્ષો પહેલા મળી ગયેલ છે. જેથી વાદીઓના દાવાને લીમીટેશન, એસ્ટોપલ તથા લેચીઝનો બાધ નડતો હોય વાદીઓનો દાવો રદ કરવા અરજ કરેલ છે.

**(૪)** વાદીપક્ષ તરફે રજુ થયેલ માર્ક–૪/૧ થી ૪/૧૩ સુધીના રજુ થયેલ દસ્તાવેજો ધ્યાનપૂર્વક વંચાણે લેવામાં આવેલ છે.

**(૫)** પ્રતિવાદીપક્ષે માર્ક–૨૫/૧ થી ૨૫/૭ સુધીના રજુ થયેલ દસ્તાવેજો ધ્યાનપૂર્વક વંચાણે લેવામાં આવેલ છે.

**(૬)** વાદીઓ તરફે વિ.વકીલશ્રી એસ.ડી. ચાંગલાણી તથા પ્રતિવાદી નં.(૧), (૨) તરફે વિ.વકીલશ્રી જે.એચ. ધમાણી ધ્વારા કરવામાં આવેલ દલીલો ધ્યાનપૂર્વક સાંભળવામાં આવેલ છે. પુનરાવર્તન ટાળવાના શુભહેતુથી દલીલોના તમામ મુદ્દાઓ અહીં લખવામાં આવેલ નથી. સુસંગત જગ્યાએ હવેપછી ચર્ચા કરવામાં આવેલ છે.

**(૭)** હાલની અરજીના ન્યાયી નિર્ણય સારું નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

૧. શું વાદીઓનો પ્રથમદર્શનીય કેસ છે ?

૨. શું સગવડ અગવડતાની સમતુલા વાદીઓની તરફેણમાં છે ?

૩. શું વાદીઓને માંગ્યા મુજબ દરમ્યાન મનાઈ હુકમ ન આપવામાં આવે તો નાણાંમાં ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન થાય તેમ છે ?

૪. શું હુકમ ?

**(૮)** ઉપરોકત મુદ્દાઓ અંગેના નિર્ણયો નીચે જણાવેલ કારણોસર નીચે મુજબ છે.

૧. મુદ્દા નં.૧ઃ– હકારમાં

૨. મુદ્દા નં.૨ઃ– નકારમાં.

૩. મુદ્દા નં.૩ઃ– નકારમાં.

૪. મુદ્દા નં.૪ આખરી હુકમ મુજબ.

**–:: નિર્ણય માટેના કારણો ::–**

**મુદ્દા નં.(૧) :–**

**(૯)** દરમ્યાન મનાઈ હુકમ એ એક સમન્યાયી દાદ છે અને તેવી દાદ મેળવવા માટે વાદીઓએ બતાવવુ જોઈએ કે, પોતાનો પ્રથમદર્શનીય કેસ છે અને મનાઈ હુકમ માંગનારે વિના વિલંબે તથા મહત્વની હકીકતો છુપાવ્યા વિના સ્વચ્છ હાથે આવવુ જોઈએ. સદર સિધ્ધાન્ત નજર સમક્ષ રાખી હાલની અરજી તે પરિપ્રેક્ષમાં કેટલે અંશે આવે છે તે જોઈશું.

**(૯.૧)** વાદીઓના વિ.વકીલશ્રી એસ.ડી. ચાગલાણી ધ્વારા મૌખિક દલીલો કરી રજુઆત કરેલ છે કે, વાદીઓ ગુજરનાર સીદીભાઈના બહેનો હોવા બાબતે તકરાર નથી. વાદીઓના નામ રેવન્યુ રેકર્ડમાં દાખલ થયેલ હોય વાદીઓ ગુજરનાર ભોજાભાઈના વારસો હોય તે બાબતે તકરાર નથી. પ્રતિવાદીઓના કહેવા મુજબ સને ૧૯૭૭માં વાદીઓએ તેમનો હિસ્સો જતો કરેલ છે. પરંતુ હકક જતો કરેલ હોય તેવા કોઈજ લખાણ રજુ થયેલ નથી અને જો લખાણ રજુ કરે તો ફોજદારી થાય. પ્રતિવાદી નોંધ નં.૨૧૮ પર આધાર રાખેલ છે. પરંતુ સદર નોંધમાં જે વિગતો જણાવેલ છે તેની વિશ્વાસનીયતા પુરાવા વગર માની શકાય નહિં. વાદીઓએ કોઈ સોગંદનામું કે કબુલાત આપેલ નથી. પ્રતિવાદી નં.(૧) સીદીભાઈના પત્ની છે કે કેમ ? હવે પ્રતિવાદીપક્ષે રજુઆત થયેલ છે કે, ખુદ વાદીઓના બહેન રતનબેન વાદીના દાવાને સપોર્ટ કરતા નથી. પ્રતિવાદી નં.(૧) સીદીભાઈના પત્ની

તરીકે જ સંયુકત કુટુંબમાં રહેતા હતા. સને ૧૯૭૭માં જ વાદીઓએ હકક હિસ્સો મળી જતા તેઓએ તેમનો હકક હિસ્સો ઉઠાવી લીધેલ છે.

**(૯.૨)** દાવાના પક્ષકારોની રજુઆત લક્ષે લેતા તથા માર્ક–૨૫/૩થી રજુ થયેલ નોંધ નં.૧૯૦ વંચાણે લેતા ગુજરનાર ભોજા આણંદના સીધીલીટીના વારસદારોમાં (૧) સીદી ભોજા, (૨) રતનબેન ભોજા, (૩) કડવીબેન ભોજા, (૪) જીવુબેન ભોજા, (૫) રામીબેન ભોજા હોવાનુ ફલીત થાય છે અને સદર હકીકત પરત્વે દાવાના પક્ષકારો વચ્ચે કોઈ તકરાર ન હોવાનુ જણાય છે. માર્ક–૪/૧થી રજુ ગામ નમુનો નં.૬ નોંધ નં.૩૧ વંચાણે લેતા દાવાવાળી સર્વે નં.૨૩, ૨૫, ૪૯, ૫૯થી નોંધાયેલ જમીનો મુળ આણંદ જેઠસુરના નામે હોવાનુ તથા માર્ક–૪/૨થી રજુ થયેલ ગામ નમુનો નં.૬ નોંધ નં.૧૪૯ વંચાણે લેતા સદર સર્વે નંબર વાળી જમીનોમાં વારસદાર તરીકે ભોજા આણંદભાઈનું નામ દાખલ થયેલ હોવાનુ જણાય આવે છે. માર્ક–૪/૩ થી ૪/૭ સુધીના રજુ થયેલ રેવન્યુ રેકોર્ડના ઉતારા લક્ષે લેતા દાવાવાળી નવો સર્વે નં.૬૪(જુનો સર્વે નં.૨૫), નવો સર્વે નં.૨૨૪(જુનો સર્વે નં.૪૯), નવો સર્વે નં.૮૬(જુનો સર્વે નં.૨૩) વાળી જમીનમાં પ્રતિવાદી નં.(૧) તથા નવો સર્વે નં.૧૯૬(જુનો સર્વે નં.૫૯), નવો સર્વે નં.૭૦(જુનો સર્વે નં.૨૩/૨) વાળી દાવાવાળી જમીનોમાં પ્રતિવાદી નં.(૨)નાઓનુ નામ હાલમાં દાખલ થયેલાનુ જણાય છે. માર્ક–૨૫/૪થી રજુ થયેલ ગામ નમુનો નં.૬ નોંધ નં. ૨૧૮ વંચાણે લેતા કથન થયેલ છે કે, *"તા.૧૪/૧૦/૭૭, સીદા ભોજા, રતનબેન, કડવીબેન, જીવુબેન તથા રામીબેન ભોજાના મજમુ નામે ચાલતા ખેડખાતામાંથી રતનબેન, કડવીબેન, જીવુબેન તથા રામીબેન ભોજાએ તેમનો હકક હિસ્સો ઉઠાવી લેતા તેમના કબુલાતો સાથે સીદા ભોજાએ બહેનોના નામ કમી કરવા અરજી કરતા નોંધ કરી છે."* સદર નોંધ વંચાણે લેતા રતનબેન કડવીબેન, જીવુબેન તથા રામીબેન ધ્વારા કહેવાતા જે કબુલાતો આપેલ છે તે સીદી ભોજાએ અરજી સાથે રજુ રાખેલ હોવાનુ લખવામાં આવેલ હોવાનુ પ્રથમદર્શનીય જણાય આવે છે. માર્ક–૨૫/૫ થી રજુ થયેલ ગામ નમુનો નં.૬ હકકપત્રક નોંધ નં.૧૨૦૦ વંચાણે લેતા સીદીભાઈના અવસાન બાદ તેઓની પત્ની તરીકે પ્રતિવાદી નં.(૧)નાઓને દર્શાવેલ હોવાનુ જણાય છે.

**(૯.૩)** ઉપરોકત ચર્ચા કરી તે તમામ પુરાવા લક્ષે લેતા દાવાવાળી જમીનમાં રતનબેન, કડવીબેન, જીવુબેન તથા રામીબેનના વારસદાર તરીકે નામો દાખલ થયેલ હોવાનુ ફલીત થાય છે. જેથી તેઓનો વારસાઈરુએ દાવાવાળી જમીનોમાં હકક હિસ્સો હોવાનુ પ્રથમદર્શનીય માનવાને કારણ રહે છે. નોંધ નં.૨૧૮ કે જે તા.૧૪/૧૦/૭૭નાંરોજ પાડવામાં આવેલ છે તે નોંધમાં ઉલ્લેખ થયા મુજબ રતનબેન, કડવીબેન, જીવુબેન, રામીબેનનાઓએ કબુલાતો આપેલ કે કેમ? તથા સદર કબુલાતોના કોઈ જ લખાણ પ્રતિવાદીપક્ષે આ દાવાના કામે હાલના તબકકે રજુ રાખેલ ન હોય તે સંજોગોમાં પુરાવો નોંધ્યા વિના હાલના તબકકે નોંધ નં.૨૧૮માં થયેલા કથનો પરત્વે કે વાદીઓએ તેઓનો દાવાવાળી જમીનોમાં કબુલાતના આધારે હકક, હિસ્સો સીદીભાઈ ભોજાભાઈની તરફેણમાં ઉઠાવી લીધેલ હોવા પરત્વે કોઈ તારણ પુરાવો નોધ્યા વિના આપી શકાય તેમ નથી. પ્રતિપાદિત થયેલ સિધ્ધાન્ત અનુસાર રેવન્યુ રેકોર્ડમાં દાખલ થયેલ નોંધોથી કોઈ વ્યકિતની તરફેણમાં નિર્ણાયક ટાઈટલ ઉત્પન્ન થતુ નથી. રેવન્યુ રેકોર્ડની નોંધો મહેસુલી વેરો/નાણાંકીય હેતુ પુરતુ જ હોય છે. રજુ થયેલ પુરાવા તથા રજુઆતો લક્ષે લેતા પ્રતિવાદી નં.(૧) સીદીભાઈ ભોજાભાઈ પ્રથમ પત્ની ન હોય તેવુ જણાય આવે છે. હવે સીદીભાઈ ભોજાભાઈના પ્રતિવાદી નં.(૧) તથા (૨) સાથેના પક્ષકારોના સબંધના દરજજા પરત્વે હાલના તબકકે કોઈજ તારણ પુરાવા લીધા વિના આપવુ ન્યાયોચિત જણાતુ નથી. દાવા અરજીના પેરા–૧૧માં ઉલ્લેખ કર્યા અનુસારના મકાનો તથા અન્ય જંગમ મિલકતો પરત્વે માની શકાય તેવા કોઈ જ દસ્તાવેજો રજુ થયેલ નથી. જેથી સદર મિલકતો પરત્વે હાલના તબકકે કોઈ જ તારણ આપી શકાય તેમ નથી. આમ ઉપરોકત ચર્ચા કરી તે તમામ દસ્તાવેજો તથા રજુઆતો લક્ષે લેતા વાદીઓએ સ્વેચ્છાએ કબુલાતો આપી દાવાવાળી ખેતીની જમીનોમાંથી પોતાના હકક હિસ્સો ઉઠાવી લીધેલ છે કે કેમ ?, પ્રતિવાદી નં.(૧) તથા (૨) ગુજરનાર સીદીભાઈના કાયદેસરના સીધીલીટીના વારસદારો છે કે કેમ ? વિગેરે તકરારી મુદ્દાઓના નિર્ણાયક તારણ સારું પુરાવો નોંધવો અનિવાર્ય છે અને કેસની ન્યાયીક કાર્યવાહી આગળ ચલાવવી જરુરી છે. જેથી ઉપરોકત ચર્ચા કરી તે તમામ વિગતો લક્ષે લેતા તથા દસ્તાવેજોની વિગતો નજર સમક્ષ રાખતા વાદીઓનો પ્રથમદર્શનીય કેસ હોવાનુ જણાતુ હોય **મુદ્દા નં.(૧)** પરત્વે **હકારમાં** નિર્ણય

આપવામાં આવે છે.

**<u>મુદ્દા નં.(૨), (૩)</u> :–**

**(૧૦)** મુદ્દા નં.(૨) થી (૩) પરસ્પર સંકળાયેલા હોય હકીકતો તથા કાયદાની ચર્ચાનું પુનરાવર્તન ટાળવા સદરહુ તમામ મુદ્દાઓની ચર્ચા સંયુકત કરવામાં આવે છે. કામચલાઉ મનાઈ હુકમની માંગણી ગ્રાહય રાખવા માટે પ્રથમદર્શનીય કેસ ઉપરાંત સગવડતા અગવડતાની સમતુલાનુ પાસુ પણ અગત્યનુ છે. દરમ્યાન મનાઈ હુકમ આપવામાં ન આવે તો નાણાંમાં ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાનનું પાસુ પણ અગત્યનુ છે.

**(૧૦.૧)** દાવાવાળી મિલકતો/જમીનોનો પ્રત્યક્ષ કબજો વાદીઓ ધરાવતા ન હોવાનુ જણાય છે અને લાંબા સમયથી વાદીઓ ધ્વારા દાવાવાળી જમીનોના વહીવટી હિસાબો મેળવેલ ન હોવાનુ જણાય છે. આ સંજોગોમાં સગવડતા અગવડતાની સમતુલા એકમાત્ર વાદીઓની તરફેણમાં હોવાનુ જણાતુ નથી. જો દાવા દરમ્યાન પ્રતિવાદી નં.(૧), (૨)નાઓ ધ્વારા બિનઅધિકૃત કૃત્યોના કારણે વાદીઓના નામો રેવન્યુ રેકર્ડમાંથી કમી થયેલ હોવાનુ કે પ્રતિવાદી નં.(૧), (૨)નાઓના કૃત્યોના કારણે વાદીઓના હિતોને વિપરીત અસર થયેલ હોવાનુ પુરવાર થાય તો વાદીઓ પ્રતિવાદી નં.(૧), (૨) વિરુધ્ધનું નુકશાનની રકમ વસુલ મેળવવા બાબતે કાર્યવાહી કરવાનો હકક ધરાવે છે. જેથી વાદીઓને નાણાંમાં માપી ન શકાય તેવુ અમાપ નુકશાન થાય તેવી શકયતા જણાતી નથી. આમ ઉપરોકત ચર્ચા કરી તે તમામ હકીકત લક્ષે લેતા **મુદ્દા નં.(૨) તથા (૩)** પરત્વે **નકારમાં** નિર્ણય આપવામાં આવે છે.

**<u>મુદ્દા નં.૪</u> :–**

**(૧૧)** વાદીપક્ષ તરફે રજુ થયેલ નીચે મુજબના કેસ ચુકાદાઓ માનપૂર્વક વંચાણે લેવામાં આવેલ છે.

(૧) નામદાર સુપ્રિમકોર્ટ ધ્વારા ભાગવત સુલખે વિરુધ્ધ દિગમ્બર ગોપાલ સુલખે કેસમાં આપવામાં આવેલ ચુકાદો કે જે એ.આઈ.આર.૧૯૮૬ સુપ્રિમકોર્ટ ૭૯ પર પ્રસિધ્ધ થયેલ છે તે કેસ ચુકાદામાં ઠરાવેલ છે કે, Hindu Law – Joint family property – severance of status of joint family – It has no effect on joint family property – property continues to be joint until partitioned.

(૨) નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ઈબ્રાહીમ શાહ મોહમદ અને બીજાઓ વિરુધ્ધ નુર એહમદ નુર મોહમદ કેસમાં આપેલ ચુકાદો કે જે ૧૯૮૩(૨) જી.એલ.આર. પાના નં.૯૬૧ પર પ્રસિધ્ધ થયેલ છે તે કેસ ચુકાદામાં ઠરાવેલ છે કે, Civil Procedure Code (V of 1908) – Order 39 Rule 1 – Property subject matter of litigation – If during the period property changes hands other person may become necessary party – Court should lean towards seeing that there is no multiplicity of proceedings – Ad interim injunction can be granted in such cases.

(૩) નામદાર કર્ણાટક હાઈકોર્ટ ધ્વારા ચીન્મ્માં અને બીજાઓ વિરુધ્ધ એન.નાગરાજ કેસમાં આપેલ ચુકાદો કે જે એ.આઈ.આર.૧૯૯૬ કર્ણાટક ૧૧ પર પ્રસિધ્ધ થયેલ છે તે કેસ ચુકાદામાં ઠરાવેલ છે કે, In disputes relating to immovable properties it is found that certain changes takes place in the character of property during interim period, which would obliviously give rise to further litigation. The Courts have, in order to prevent this, evolved principle to grant interim orders. Passing of interim order in favour of plaintiff is only for the limited purpose of securing interest of the plaintiff and it will not be implied as being a finding on merits of the matter nor shall it be

construed that the order is passed because the Court has taken any view with regard to the merits. Where the plaintiffs have made definite averments in the plaint that the properties are joint family properties, and moreover the revenue record annexed, indicates that the property stands in name of a person who is not a defendant, and it is alleged that defendants were acting prejudicially to the interest of joint family, the plaintiffs would be entitled to injunction restraining the defendants from alienating the property.

(૪) નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા અદાણી એક્ષપોર્ટ વિરુધ્ધ હિન્દુસ્તાન ઓર્ગેનીક કેમિકલ લિ. કેસમાં આપેલ ચુકાદો કે જે ૨૦૦૦(૩) જી.એલ.આર. પાના નં.૨૭૫૯ પર પ્રસિધ્ધ થયેલ છે તે કેસ ચુકાદામાં ઠરાવેલ છે કે, It is well settled principles of law that the rule that before the issue of a temporary injunction, the Court must satisfy itself that the plaintiff has a prima facie case, does not mean that the Court should examine the merits of the case closely and come to a conclusion that the plaintiff has a case in which he is likely to succeed. This would amount to prejudging the case on its merits. All that the Court has to see is that on the face of it the person applying for an injunction has a case which needs consideration and which is not bound to fail by virtue of some apparent defects.

(૫) નામદાર ઓરીસ્સા હાઈકોર્ટ ધ્વારા શાંતિલતા શાહુ વિરુધ્ધ સાબીત્રી શાહુ કેસમાં આપેલ ચુકાદો કે જે એ.આઈ.આર. ૨૦૦૮ ઓરીસ્સા ૮૬ પર પ્રસિધ્ધ થયેલ છે તે કેસ ચુકાદામાં ઠરાવેલ છે કે, Hindu succession Act (30 of 1956, S. 6 (as amended in 2005) – Devolution of

interest in coparcenary property – Joint Hindu Family governed by Mitakshara Law – Daughters are entitled to a share in ancestral properties as a coparcener.

(૬) નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા રાકેશ અગ્રવાલ વિરુધ્ધ તલાટી કમ મંત્રી કેસમાં આપેલ ચુકાદો કે જે ૨૦૦૨(૨) જી.એલ.ચે. ૩૨૨ પર પ્રસિધ્ધ થયેલ છે તે કેસ ચુકાદામાં ઠરાવેલ છે કે, It is well settled that the revenue entries eare having the value for fiscal purposes and, therefore, they are ehaving presumptiv e value in nature and by mutation entry or cancellation thereof the title of the land is not in any manner affected. If any party is aggrieved by the mutation or cancellation thereof, for the purpose of establishing the title the proper remedy would be competent Civil Court. In the present case the lower authorities ehave concurrently found and, therefore, this Court finds no case to interfere in exercise of powers under Art of the Constitution, and if the petitioner is so advised, he may prefer a civil suit for establishing the title in accordance with law. It is needless to clarify that the observations made by the revenue authorities in the impugned order shall not prejudice the case of either party in appropriate p5roceedings before appropriate authority.

(૭) નામદાર સુપ્રિમકોર્ટ ધ્વારા વિનીત શર્મા વિરુધ્ધ રાકેશ શર્મા અને બીજાઓ કેસમાં આપેલ ચુકાદો કે જે એ.આઈ.આર. ૨૦૨૦ સુપ્રિમકોર્ટ પાના નં.૩૭૧૭ પર પ્રસિધ્ધ થયેલ છે તે કેસ ચુકાદામાં પેરા–૧૨૯માં ઠરાવેલ છે કે, Resultantly, we answer the reference as under :

(I) The provisions contained in substituted Section 6 of the

Hindu Succession Act, 1956 confer status of coparcener on the daughter born before or after amendment in the same manner as son with same rights and liabilities.

(ii) The rights can be claimed by the daughter born earlier with effect from 9.9.2005 with savings as provided in Section 6(1) as to the disposition or alienation, partition or testamentary disposition which had taken place before 20th day of December, 2004.

(iii) Since the right in coparcenary is by birth, it is not necessary that father coparcener should be living as on 9.9.2005.

(iv) The statutory fiction of partition created by proviso to Section 6 of the Hindu Succession Act, 1956 as originally enacted did not bring about the actual partition or disruption of coparcenary. The fiction was only for the purpose of ascertaining share of deceased coparcener when he was survived by a female heir, of Class-I as specified in the Schedule to the Act of 1956 or male relative of such female. The provisions of the substituted section 6 are required to be given full effect. Notwithstanding that a preliminary decree has been passed the daughters are to be given hsare in coparcenary equal to that of a son in pending proceedings for final decree or in an appeal.

(v) In view of the rigor of provisions of Explanation to Section 6(5) of the Act of 1956, a plea of orla partition cannot be accepted as the statutory recognised mode of partition effected by a deed of partition duly registered under the provisions of the Registration Act, 1908 or effected by a

decree of a court. However, in exceptional cases where plea of oral partition is supported by public documents and partition is finally evinced in the same manner as if it had been affected by a decree of a court, it may be accepted. A plea of partition based on oral evidence alone cannot be accepted and to be rejected outrightly.

ઉપરોકત કેસ ચુકાદાઓમાં ઠરાવેલ સિધ્ધાન્ત શીરોમાન્ય છે. સદર કેસ ચુકાદાઓમાં ઠરાવેલ સિધ્ધાન્ત અનુસાર જ હાલના હુકમમાં ચર્ચા કરવામાં આવેલ છે તથા ઉપરોકત કેસ ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાન્તો હાલના હાથપરના કેસમાં સુસંગત હોવાનુ નમ્રપણે માનવુ છે.

**(૧૨)** પ્રતિવાદી નં.(૧), (૨) તરફે નીચે મુજબના કેસ ચુકાદા રજુ રાખેલ છે. જે માનપૂર્વક વંચાણે લેવામાં આવેલ છે.

(૧) નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સંપતરાજ સી. શાહ વિરુધ્ધ લજપતરાય સી. અગ્રવાલ કેસમાં આપેલ ચુકાદો કે જે ૨૦૦૦(૧) જી.એલ.એચ. ૬૦૫ પર પ્રસિધ્ધ થયેલ છે તે કેસ ચુકાદામાં ઠરાવેલ છે કે, આદેશાત્મક મનાઈ હુકમ ભાગ્યે જ કોઈ કેસોમાં મંજુર કરવામાં આવે છે. દાવો દાખલ કરવાની તારીખે ઉદ્‌ભવતી યથાસ્થિતિ સ્થાપવા માટે મંજુર કરી શકાય. જયારે દાવો દાખલ કરવામાં આવ્યો તે તારીખે જ સ્થિતિ હતી તેનાથી જુદી પડતી નવી સ્થિતિ સ્થાપિત કરવા માટે મંજુર કરવાનુ નથી. વચગાળાનો આદેશાત્મક મનાઈ હુકમ મંજુર કરતી વખતે પ્રતિબંધક મનાઈ હુકમની જેમ ૩ શરતો એટેલ કે, પ્રથમદર્શનીય કેસ, જોગવાઈની સમતુલા, ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન અને ઈજાને સ્થાપિત કરવાના રહે છે.

(૨) નામદાર સુપ્રિમકોર્ટ ધ્વારા દિગ્મ્બર પાટીલ વિરુધ્ધ દેવરામ પાટીલ અને બીજાઓ કેસમાં આપવામાં આવેલ ચુકાદો કે જે એ.આઈ.આર.૧૯૯૫ સુપ્રિમકોર્ટ ૧૭૨૮

પર પ્રસિધ્ધ થયેલ છે તે કેસ ચુકાદામાં ઠરાવેલ છે કે, when the factum of partition was evidenced by entries in the record of the business, it would corroborate the oral evidence regarding the partition. Therefore, the brothers having seperate possession in view of the partition entries in the record of rights was competent to sell that portion of the land.

(૩) નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સોરાબજી વેશુના વિરુધ્ધ નાગજીભાઈ ઉમરીગરના કેસમાં આપવામાં આવેલ ચુકાદો કે જે ૨૦૦૧(૩) જી.એલ.એચ.૭૫૯ પર પ્રસિધ્ધ થયેલ છે તે કેસ ચુકાદામાં ઠરાવેલ છે કે, Code of Civil Procedure, 1908 – O. 39, R. 1,2 – Mamlatdar Courts Act, 1906 – Sec. 22 – Mamlatdar Courts order confirmed by Revisional Authority – Subsequent suit between the parties before Civil Court – Prayer for interim injunction therein – Findings of Revenue Courts to be respected at least at the stage of grant/non- grant of interim injunction by Civil Court.

ઉપરોકત પેરા(૧૨) ના પેટા પેરા ૧ થી ૩ માં ચર્ચા કરી તે કેસ ચુકાદાઓમાં ઠરાવેલ સિધ્ધાન્તો શીરોમાન્ય છે. સદર કેસ ચુકાદાઓની હકીકત અલગ છે તથા હાલના હાથપરના કેસની હકીકતો અલગ હોવાનુ નમ્રપણે માનવુ છે.

**(૧૩)** ઉપરોકત ચર્ચા કરી તે તમામ વિગતો લક્ષે લેતા જો પ્રતિવાદી નં.(૧) તથા (૨) દાવાવાળી જમીનો અન્ય ત્રાહીતને દાવા દરમ્યાન ત્રાહીતને હસ્તાન્તર કરવામાં સફળ થાય તો દાવાના અંતે જો વાદીઓ દાવાની દાદ મેળવવામાં સફળ થાય તો વાદીઓને પ્રતિકુળ અસર થાય તેમ છે અને દાવાદુવીની પરંપરા સર્જાય તેમ છે. દાવાદુવીની બહુળતા ન થાય તથા દાવાવાળી જમીનોના સુરક્ષા સારું તથા પક્ષકારોના હિતોના રક્ષણ સારું આખરી હુકમ અનુસારનો આદેશ કરવો

ન્યાયોચિત જણાય છે તથા આખરી હુકમ અનુસારનો આદેશ કરવાથી કોઈ પક્ષકારને વિપરીત અસર થાય તેમ નથી. આમ મુદ્દા નં.(૧) થી (૩)ના આપવાના તારણો લક્ષ લેતા તથા ઉપરોકત ચર્ચા કરી તે તમામ વિગતો લક્ષે લેતા **મુદ્દા નં.(૪)** પરત્વે નીચે મુજબનો ન્યાયના હિતમાં હુકમ કરવામાં આવે છે.

**<u>–:: હુ ક મ ::–</u>**

૧. વાદીઓની હાલની આંક–૦૫ થી રજુ અરજી **અંશતઃ મંજૂર** કરવામાં આવે છે.

૨. આથી દાવાના પક્ષકારોને આદેશ કરવામાં આવે છે કે, મોજે માણાવદર તાલુકાના ભાલચેડા ગામની સીમમાં નવો સર્વે નં.૬૪ (જુનો સર્વે નં.૨૫), નવો સર્વે નં.૨૨૪ (જુનો સર્વે નં.૪૯), નવો સર્વે નં.૧૯૬ (જુનો સર્વે નં.૫૯), નવો સર્વે નં.૮૬ તથા ૭૦ (જુનો સર્વે નં.૨૩/૧ તથા ૨૩/૨)થી નોંધાયેલ દાવાવાળી જમીનો જેનુ સંપૂર્ણ વર્ણન શેડયુલના પારા–૧ થી ૪ માં દર્શાવેલ છે તે દાવાવાળી જમીનોનો માલિકીના ટાઈટલ અંગેની આજની તારીખે જે સ્થિતિ હોય તે દાવાના આખરી નિકાલ સુધી યથાવત જાળવી રાખવી.

૩. હાલની અરજીનો ખર્ચ દાવાના આખરી પરીણામને અનુસરશે.

આ હુકમ આજ તારીખ ૦૧ મી, માહે ઓકટોબર, સને ૨૦૨૧ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

વંથલી.
તા.૦૧ /૧૦/૨૦૨૧.

(ભદ્રેશ હસમુખલાલ ગાંધી)
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ,
વંથલી
(જજ કોડ નં.જીજે–૦૦૯૫૭)